શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રીની કચેરી
ગુજરાત કાઉન્સીલ ઓફ સ્કુલ એજયુકેશન
સમગ્ર શિક્ષા
સેકટર–૧૭, ગાંધીનગર
ફોન : 079-23235069, 23234939
ફેકસ : 079-23232436
ઈમેઈલ : dpepgujarat@yahoo.com
વેબસાઈટ : www.ssamgujarat.org

ક્રમાંક : એસએસએ/હસબ/સીઆરસી/૨૨૩૧/ ૨૮૩૮૩-૪૨૯

તા. ૨૮/૦૮/૨૦૨૦

**પરિપત્ર વંચાણે લીધા :–**

(૧) અત્રેની કચેરીના તા. ૧૩.૧૦.૧૫ના પરિપત્ર ક્રમાંક : એસએસએ/ હસબ /૨૦૧૫–૧૬/ ૨૨૧૧/ ૪૨૪૮૩ –૫૨૭

(૨) અત્રેની કચેરીના તા. ૨૪.૦૮.૨૦ના પરિપત્ર ક્રમાંક : એસએસએ/ હસબ/ સીઆરસી/ ૨૨૩૧/ ૨૭૩૪૩ –૩૭૯

અત્રેની કચેરીના સંદર્ભ (૨)ના સીઆરસી સેલેરીના પરિપત્રમાં પીટીએ અંગેની આકારણી બાબતે ઉકત સંદર્ભ (૧)ના પરિપત્રની સુચનાઓની અંદર કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી તેમજ સંદર્ભ (૧)ના પરિપત્રમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

**ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ ઓફિસર**
**સમગ્ર શિક્ષા, ગાંધીનગર**

પ્રતિ,

૧. જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિ.તમામ તરફ અમલ સારૂ

૨. એડિ.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, મ્યુનિ.સ્કુલ બોર્ડ, સમગ્ર શિક્ષા, મ્યુનિ.કોર્પોરેશન : –અમદાવાદ, સુરત રાજકોટ વડોદરા તરફ અમલ સારૂ

## શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી
ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સર્વ શિક્ષા અભિયાન
સેક્ટર–૧૭, ગાંધીનગર
ફોન : 079-23235069, 23234939
ફેક્સ : 079-23232436
ઈમેઈલ : dpepgujarat@yahoo.com
વેબસાઈટ : www.ssamgujarat.org

ક્રમાંક : એસએસએ/હસબ/૨૦૧૫–૧૬/૨૨૧૧/૪૨૪૮૩-૫૨૭

**પરિપત્ર : (૨૦૧૫–૧૬)** તા.૨૩/૧૦/૨૦૧૫

**સંદર્ભ :**

**(૧) અત્રેની કચેરીની ટીટી શાખાની તા. ૦૬.૧૦.૧૫ની શાખા નોંધ**
**(૨) અત્રેની કચેરીના તા. ૧૪.૦૭.૦૩ના પરિપત્ર નં. ડીપીઈપી/ એસએસએ/ પીટીએ/ ૨૦૦૩/ ૧૧૬૬૫–૮૨**
**(૩) અત્રેની કચેરીના તા. ૧૦.૦૧.૦૭ના પરિપત્ર નં. એસએસએએમ/ હિસાબ/ પીટીએ/ ૨૦૦૬/૧૦૩૯**
**(૪)તા. ૦૧.૧૦.૧૫ના રોજ બીઆરસી/સીઆરસી કો. ઓર્ડિ.ના પીટીએ વધારા અંગેની નોંધ ઉપર માન. એસ.પી.ડી.શ્રી.ની મળેલ મંજૂરી**

સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ હેઠળ ફરજ બજાવતા બીઆરસી/ સીઆરસી કો–ઓર્ડીનેટરએ એસએસએ અંતર્ગતની પ્રવૃતિઓ કાર્યક્રમોના આયોજન, સંયોજન, વ્યવસ્થા અને સુનિયંત્રણના હેતુઓ માટે પોતાના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં કરવામાં આવતા પ્રવાસો માટે સંદર્ભિત પરિપત્રમાં જણાવેલ શરતોને આધીન રહીને બીઆરસી કો – ઓર્ડીનેટર્સને પ્રતિમાસ રૂા. ૧૦૦૦/– અને સીઆરસી કો – ઓર્ડીનેટર્સને પ્રતિમાસ રૂા. ૬૦૦/–કાયમી ભથ્થું (પીટીએ) ચુકવવામાં આવે છે.

માન. એસ.પી.ડી.શ્રી.ની નોંધ ઉપર મળેલ મંજુરી અનુસાર તેમજ હાલના વર્તમાન સમયે પેટ્રોલ / ડીઝલમાં ભાવ વધારો થયેલ હોય બસભાડુ તેને આનુસાંગિક વધેલ છે તેમજ છેલ્લા સાત વર્ષ અંતર્ગત પીટીએમાં કોઈ વધારો કરેલ ન હોય, તે ધ્યાને લેતા હાલના પીટીએના દરમાં ૭૫%નો વધારો કરી બીઆરસી કો – ઓર્ડીનેટર્સને પ્રતિમાસ રૂા. ૧૭૫૦/– (અંકે રૂપિયા એક હજાર સાતસો પચાસ પુરા) તેમજ સીઆરસી કો – ઓર્ડીનેટર્સને રૂા. ૧૦૫૦/– (અંકે રૂપિયા એક હજાર પચાસ પુરા ) પીટીએ તા. ૦૧.૧૦.૧૫થી ચુકવવા આદેશ કરવામાં આવે છે.

આ સાથે નીચે જણાવેલ શરતોનું અમલ કરવાનું રહેશે.

1. કાયમી મુસાફરી ભથ્થા નવા દરોનો અમલ આ હુકમ તારીખ ૦૧.૧૦.૧૫ થી અમલમાં આવશે.
2. કાયમી મુસાફરી ભથ્થાની ગણતરી માટે અત્રેથી જણાવેલ ફાર્મ્યુલા આપેલ સૂચનાઓ ધ્યાનમાં લેવાની રહેશે.
3. આ કાયમી મુસાફરી ભથ્થામાં માઈલેજ એલાઉન્સ વગેરેનો સમાવેશ થઈ જતો હોય, બીજા કોઈ ભથ્થાઓ મળવાપાત્ર રહેતા નથી.
4. આ સુધારેલ કાયમી મુસાફરી ભથ્થાના દરો અત્રેની કચેરીના તા. ૧૪.૦૭.૦૩ તથા ૧૦.૦૧.૦૭ ના પરિપત્ર મુજબ ચકાસણીને આધીન રહેશે અને વધારાની ચુકવાયેલ રકમ પરત વસુલ લેવા પાત્ર રહેશે.

5. નવા મંજુર કરવામાં આવેલ કાયમી મુસાફરી ભથ્થાના દરોનો લાભ આ સંવર્ગના કર્મચારીઓ કે જેઓ નિયત પ્રવાસના ધોરણો અનુસાર ક્ષેત્રિય કામગીરી અર્થે વિસતૃત પ્રવાસ કરવો પડતો હોય તેવાને જ મળવાપાત્ર થશે.
6. કાયમી મુસાફરી ભથ્થુ મુખ્ય મથકથી બહાર કરવામાં આવતા પ્રવાસો મુખ્ય મથક માટે મળવાપાત્ર રહેશે.
7. આ ભથ્થું વેકેશન/પ્રાપ્ત રજા/ માંદગીની /રૂપાંતરીત રજા તેમજ અન્ય રજાઓ દરમ્યાન આગળ પાછળની જાહેર રજાઓ સહિત મળવાપાત્ર થશે નહી (કેજયુઅલ રજાનો સમાવેશ થશે નહી)
8. કાયમી મુસાફરી ભથ્થુ આકારતા આ સંવર્ગના તમામ કર્મચારીઓએ ટુર ડાયરી નિભાવવાની રહેશે. આ ટુર ડાયરી દર મહિને નિયમિત ચકાસવાની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે. ટુર ડાયરી રજુ કરવા ચોકકસ તારીખ નિર્ધારીત કરવાની રહેશે. અને દર માસે તેની નિયમિત ચકાસણી કરવાની રહેશે. પીટીએ આકારતો કર્મચારી નિયત તારીખે ટુર ડાયરી રજુ ન કરે તેવા કિસ્સામાં સંબધિત કર્મચારીનું પીટીએ બંધ કરવાનું રહેશે.
9. કાયમી મુસાફરી ભથ્થા આકારતા કર્મચારી ધ્વારા ક્ષેત્રિય કામકાજ અર્થે જે સરકારી વાહનોનો નિભાવ માટેનો તમામ ખર્ચ સરકાર ભોગવતી હોય તેવા વાહનનો ઉપયોગ કરે ત્યારે તેવા દિવસો માટે અડધા દિવસનું પીટીએ જતું કરવાનું રહેશે. અર્થાત આવા દિવસો માટે અડધા દરે કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે.
10. કાયમી મુસાફરી ભથ્થાના સંબંધમાં અગાઉ કરેલ પરિપત્ર તા. ૧૪.૦૭.૦૩ ના પરિપત્ર ક્રમાંક : ડીપીઈપી/ એસએસએ/ પીટીએ/ ૨૦૦૩/ ૧૧૬૬૫–૮૨ તથા તા. ૧૦.૦૧.૦૭ ના પરિપત્ર ક્રમાંક : એસએસએએમ/ હિસાબી/પીટીએ/ ૨૦૦૬/૧૦૩૯ ની શરતો યથાવત રહેશે.
11. મોટા શહેરોની મ્યુનિસિપલ હોદ્દ/ નગરપાલિકાની હદમાં ક્ષેત્રિય કામગીરી અર્થે કરવામાં આવતા પ્રવાસ માટે કાયમી મુસાફરી ભથ્થું મળવાપાત્ર થશે નહી.
12. નિયત કરેલ પ્રવાસના ધોરણો કરતા વધારે કરવામાં આવેલ પ્રવાસ માટે વધારાનું ટીએડીએ મળવાપાત્ર થશે નહી.
13. હાલ જે સંવર્ગના કર્મચારીઓ કાયમી મુસાફરી ભથ્થું આકારે છે તે સંવર્ગના કર્મચારીઓને કાયમી મુસાફરી ભથ્થુ ચાલુ રાખવુ જરૂરી છે કે કેમ? તેની સમીક્ષા કરવાની રહેશે.

(મુકેશ કુમાર IAS )
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસએસએ, ગાંધીનગર

**પ્રતિ,**

–ઓ.આઈ.સી. તમામ, સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર
–જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડીનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિલ્લા કચેરી
– બીઆરસી તમામ (જિલ્લા મારફત)
–સીઆરસી તમામ (BRC મારફત)
–